Seat No. : _______________

# AF-120

**April-2023**

**B.A., Sem.-VI**

**CC-315 : Gujarati**

**(A : સરસ્વતીચંદ્ર ભાગ-1)**

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. એક સાહિત્યસ્વરૂપ તરીકે નવલકથાનાં ઘટકતત્વોનો પરિચય કરાવો. **14**

**અથવા**

ગુજરાતી સાહિત્યમાં નવલકથાનો ઉદ્ભવ જણાવી, એની વિકાસરેખા આલેખો. **14**

2. 'સરસ્વતીચંદ્ર ભાગ-1'ને આધારે ગોવર્ધનરામની નવલકથાકાર તરીકેની વિશેષતાઓનો પરિચય કરાવો. **14**

**અથવા**

નીચેનામાંથી કોઈપણ બે વિશે નોંધ લખો : **14**

(1) 'સરસ્વતીચંદ્ર ભાગ-1'માં લેખકની ગદ્યશૈલી

(2) કારુણ્યમૂર્તિ કુમુદ

(3) 'સરસ્વતીચંદ્ર ભાગ-1'માં જીવનદર્શન

(4) 'સરસ્વતીચંદ્ર ભાગ-1'ની વસ્તુસંકલના

3. 'સરસ્વતીચંદ્ર ભાગ-1'ના મહત્ત્વના પાત્રોને ધ્યાનમાં રાખી, ગોવર્ધનરામની પાત્રાલેખન કલાનો પરિચય આપો. **14**

**અથવા**

નીચેનામાંથી કોઈપણ બે વિશે વિવેચનાત્મક નોંધ લખો : **14**

(1) 'ઉન્મત્તપણાનું પરિણામ' પ્રકરણમાં નિરૂપાયેલ પ્રસંગ

(2) 'સરસ્વતીચંદ્ર ભાગ-1'નો આરંભ

(3) 'સરસ્વતીચંદ્ર ભાગ-1'ની કવિતા

(4) 'બુદ્ધિધનનો કારભાર' ઉપશીર્ષકની યથાર્થતા

**સૂચના : (માત્ર અંધ વિદ્યાર્થીઓ માટે)**

4. પ્રૂફ વાચન એટલે શું ? તેની જરૂરિયાત અને પદ્ધતિનો પરિચય કરાવો. **14**

**અથવા**

નીચેનામાંથી કોઈપણ બે વિશે નોંધ લખો : **14**

(1) પ્રૂફ વાચકની યોગ્યતા

(2) પ્રૂફના પ્રકાર

(3) પ્રૂફ વાચકની મર્યાદાઓ

**સૂચના : (અંધ સિવાયના વિદ્યાર્થીઓ માટે)**

4. મૂળ પરિચ્છેદના આધારે ભૂલોવાળા પરિચ્છેદનું (પેજ નં. 9 પર આપેલું) પ્રૂફ રીડિંગ કરો. **14**

(1) મૂળ પરિચ્છેદ

**મંથન અને નવનીત**

"સંધ્યાટાણે-આરતીટાણે, મંદિરદ્વારેથી સંભળાતો ઝાલરનો રણકાર કે ઘંટારવ ચિત્તને ભક્તિભાવથી ભરી દે છે, અને બે ઘડી આપણે ઈશ્વર-સ્તવનમાં લીન થઈ જઈએ છીએ. મસ્જિદમાંથી આવતો કોઈ ખુદાપરસ્ત મોલવીની આઝાનનો બુલંદ અવાજ સાંભળી પલભર પાકપરવરદિગારની યાદમાં અદબથી મસ્તક ઝૂકી જાય છે. જ્યારે આપ્તજનોને આપણાથી અળગા કરતી મહાકાળની ચીસ સંભળાય છે ત્યારે કાળજું કંપી ઉઠે છે. આપણે બેબાકળા થઈ જઈએ છીએ, હૈયું અસહાય થઈને બે ઘડી રુદન કરી લે છે – આંસુ સારી લે છે. ઘડીપલના આ બધા ખેલ છે. શાંતિઅશાંતિના વમળો શમી જાય છે અને ફરી પાછાં આપણે સહુ રોજિંદા જીવનની ઘટમાળમાં ખોવાઈ જઈએ છીએ. ભક્તિબંદગી ભુલાઈ જાય છે ને વ્યવહારના ખેલ શરૂ થાય છે. વ્યક્તિ વિસારે પડે છે ને સમષ્ટિમાં આપણે અટવાઈ જઈએ છીએ."

**અથવા**

(2) મૂળ પરિચ્છેદ

સ્વામી રામદાસ રામાયણ લખતાં ને લખાતું જાય તેમતેમ શિષ્યોને વાંચી સંભળાવતાં. મારુતિ પણ તે સાંભળવાને ગુપ્તરૂપે આવીને બેસતા. સમર્થે લખ્યું હતું કે, "મારુતિ અશોકવનમાં ગયો. ત્યાં તેણે ધોળાં ફૂલ જોયાં." એ સાંભળતાવેંત મારુતિએ પ્રગટ થઈને કહ્યું: "મેં ધોળા ફૂલો જરા પણ જોયાં નથી. મેં જોયેલાં તે ફૂલ લાલ હતાં. તમે ખોટું લખ્યું તે સુધારો." સમર્થે કહ્યું: "મેં લખ્યું તે બરાબર છે. તેં ધોળાં જ ફૂલ જોયાં હતાં." મારુતિએ કહ્યું: "હું જાતે ત્યાં જનારો ને કહું તે ખોટું છે ? છેવટે તકરાર રાજા રામની પાસે પહોંચી. રામચંદ્રે કહ્યું: "ફૂલ ધોળાં જ હતાં; પણ મારુતિની આંખ તે વખતે ક્રોધથી લાલચોળ થઈ ગઈ હતી. તેથી તે ધોળાં સફેદ ફૂલો તેને લાલ દેખાયાં." આ મીઠી વાર્તાનો સાર એટલે કે દુનિયા તરફ જોવાની આપણી દૃષ્ટિ જેવી હશે તેવી દુનિયા આપણને દેખાશે.

**- વિનોબાજી**

5. નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો : **14**

(1) 'નવલકથા' માટે મરાઠીમાં કયો શબ્દ વપરાય છે ?

(A) ઉપન્યાસ (B) કથા

(C) અફસાના (D) ત્રણમાંથી એકેય નહિ

(2) 'It is a pocket theater' – આ વ્યાખ્યા પશ્ચિમના કયા વિવેચકે આપી છે ?

(A) ક્રેફર્ડ (B) શેવેલી

(C) થોમસ હાર્ડી (D) ત્રણમાંથી એકેય નહિ

(3) નીચેનામાંથી કયા બે નવલકથાકાર આધુનિક યુગના છે ?

(A) ક.મા. મુનશી અને મનુભાઈ પંચોળી

(B) મધુરાય અને સરોજ પાઠક

(C) ર.વ. દેસાઈ અને રમણભાઇ નીલકંઠ

(D) આપેલ (A), (B) અને (C) ત્રણમાંથી એકેય નહિ

(4) નીચેનામાંથી કઈ દલિત નવલકથા નથી ?

(A) આંગળિયાત (B) ગીધ

(C) ભદ્રંભદ્ર (D) પ્રશામું

(5) ગોવર્ધનરામ ત્રિપાઠી રચિત 'સરસ્વતીચંદ્ર ભાગ-1' વિશે નીચેના પૈકી કઈ બાબત ખોટી છે ?

(A) ઉપશીર્ષક : સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય

(B) રચના વર્ષ : ઈ.સ. 1887

(C) પ્રકરણ : 21

(D) આપેલ (A), (B) અને (C) ત્રણેય ખોટી છે.

(6) નીચેનામાંથી કયું પ્રકરણ 'સરસ્વતીચંદ્ર ભાગ-1'માં આવતું નથી ?

(A) સુવર્ણપુરનો અતિથિ (B) ગુણસુંદરી

(C) પ્રમાદધન અને કુમુદસુંદરી (D) અમાત્યને થેર

(7) 'સરસ્વતીચંદ્ર ભાગ-1'માં સરસ્વતીચંદ્ર અને કુમુદનું પ્રત્યક્ષ મિલન કેટલી વાર યોજાયું છે ?

(A) ત્રણ (B) પાંચ

(C) સાત (D) બે

(8) 'સરસ્વતીચંદ્ર' નવલકથાને 'પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિકથા' કોણે કહી છે ?

(A) ઉમાશંકર જોશી (B) રામનારાયણ પાઠક

(C) આનંદશંકર ધ્રુવ (D) વિજયરાય વૈદ્ય

(9) 'હું મારા વહાલામાં વહાલાં રત્ન તમને સોંપું છું' – આ વિધાન કોણ બોલે છે ?

(A) પ્રમાદધન (B) સરસ્વતીચંદ્ર

(C) અમાત્ય (D) ત્રણમાંથી એકેય નહિ

(10) 'સરસ્વતીચંદ્ર' અને 'કુમુદસુંદરી' નું બીજું નામ જણાવો.

(A) નવીનચંદ્ર-કુમુદમૈયા (B) નવીનચંદ્ર-મધુરી મૈયા

(C) નવીનચંદ્ર-શુભદ્રામૈયા (D) ત્રણમાંથી એકેય નહિ

(11) 'સરસ્વતીચંદ્ર ભાગ-1'માં નીચેનામાંથી કયું પાત્ર આવે છે ?

(A) ભૂપસિંહ (B) ગોપાળબાપા

(C) સત્યકામ (D) ત્રણમાંથી એકેય નહિ

(12) ગુજરાતી ભાષામાં 'પ્રૂફ વાચન' માટે 'છાપશુદ્ધિ' શબ્દ કોણે આપ્યો ?

(A) ગાંધીજી (B) કાકાસાહેબ કાલેલકર

(C) જિતેન્દ્ર દેસાઈ (D) ત્રણમાંથી એકેય નહિ

(13) પ્રૂફ વાચકે પ્રૂફની નિશાનીઓ કઈ બાજુએ કરવાની હોય છે ?

(A) લીટીની ઉપર (B) લીટીની નીચે

(C) લીટીની વચ્ચે (D) પેજની ડાબી-જમણી

(14) 'અક્ષર ઊંધો છે તેને ઉલટાવો' માટે કઈ સંજ્ઞા વપરાય છે ?

(A) ∽ (B) ,

(C) # (D) ત્રણમાંથી એકેય નહિ

Seat No. : _______________

# AF-120

**April-2023**

**B.A., Sem.-VI**

**CC-315 : Gujarati**

(**B : ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિ – સં. કિરીટ દુધાત**)

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. ટૂંકીવાર્તાના સાહિત્ય સ્વરૂપની વિસ્તારથી ચર્ચા કરો. **14**

**અથવા**

ટૂંકીવાર્તા ક્ષેત્રે મુખ્ય મુખ્ય સર્જકોએ કરેલા પ્રદાનની ચર્ચા કરો. **14**

2. 'ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિ'ની પસંદગીની વાર્તાઓને કેન્દ્રમાં રાખીને ચુનીલાલ મડિયાની વાર્તાકાર તરીકેની સિદ્ધિઓની વિસ્તૃત ચર્ચા કરો. **14**

**અથવા**

ટૂંકીવાર્તાના કલા સ્વરૂપને ધ્યાનમાં રાખી 'ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિ'ની વાર્તાઓનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

3. ટૂંકનોંધ લખો : (કોઈપણ બે) **14**
   (1) 'શરણાઈના સૂર' વાર્તાની સમીક્ષા
   (2) 'ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિ'માં પાત્રાલેખન
   (3) 'ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિ'માં જાતીયતાનું આલેખન
   (4) 'ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિ'માં સમાજજીવનનું નિરૂપણ

4. **(માત્ર અંધ વિદ્યાર્થી માટે)**

પ્રૂફ વાચનમાં ધ્યાનમાં રાખવાની બાબતો જણાવી પ્રૂફ વાચનના ફાયદા જણાવો. **14**

**અથવા**

પ્રૂફ રીડિંગ એટલે શું ? તે સ્પષ્ટ કરી પ્રૂફ રીડરની સજ્જતાનો પરિચય કરાવો.

4. **(અંધ સિવાયના વિદ્યાર્થી માટે)**

નીચે આપેલા મૂળ પરિચ્છેદ ઉપરથી ભૂલવાળા પરિચ્છેદનું (પેજ નં. 11 પર આપેલ) પ્રૂફ વાચન કરી તમારી મૂળ ઉત્તરવહી સાથે જોડો : **14**

**મૂળ પરિચ્છેદ**

રાજેશ્વર મહાદેવનું દેવાલય સુવર્ણપુરથી ત્રણેક ગાઉને છેટે હતું, એટલે લોકોનો અવરજવર થોડો રહેતો. કોઈ કોઈ વેળા આ કારણથી શ્રીમંત વંઠેલાનું અને કોઈ કોઈ વખત રાજ્યપ્રપંચના ખટપટી વર્ગનું તે સંકેતસ્થાન થઈ પડતું. તપોધનને આ માર્ગે ઉપજમાં વધારો થતો હતો અને સર્વ જાતના યજમાનવર્ગને પ્રસન્ન રાખવાની, અનુકૂળતા કરી આપવાની અને અનુકૂળ થઈ જવાની તેનામાં કળા આવી હતી. ઘણુંખરું યજમાનવર્ગ તેની સાથે પ્રથમથી બંદોબસ્ત કરી મૂકતા એટલે એક સંકેતસમયે બીજાઓ સંકેત કરવા આવી ગૂંચવાડામાં પડતા ન હતા. પરંતુ કથાનો પ્રસંગ ચાલે છે તે વખતના સાંકેતિક સાધારણ વર્ગના ન હતા અને પૂજારી અથવા બીજા સર્વ સાંકેતિકોની ફરજ હતી કે નગર અને દેવાલય બેના સ્વામીઓ સ્વતંત્ર રીતે વર્તે તેમાં ખલેલ ન પહોંચે એ જાતે પોતાની બુદ્ધિથી જ જોઈ લેવું.

5. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : **14**

(1) ગુજરાતીમાં પ્રથમ ટૂંકીવાર્તા કોણે લખી ?

(A) મેઘાણી (B) મલિયાનિલ

(C) મુનશી (D) ધૂમકેતુ

(2) 'પોસ્ટઑફિસ' વાર્તાના લેખકનું નામ આપો.

(A) મેઘાણી (B) કિરીટ દુધાત

(C) મડિયા (D) ધૂમકેતુ

(3) 'ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિ'માંથી આપણા અભ્યાસક્રમમાં કેટલી વાર્તાઓ પસંદ કરવામાં આવી છે ?

(A) 7 (B) 8

(C) 9 (D) 10

(4) 'સંતી' કઈ વાર્તાનું પાત્ર છે ?

(A) ઘૂઘવતાં પૂર (B) ચંપો અને કેળ

(C) વાની મારી કોયલ (D) કાકવંધ્યા

(5) પિતા અને પુત્રીના પ્રેમની વાત કઈ વાર્તામાં આલેખાય છે ?

(A) શરણાઈના સૂર (B) ચંપો અને કેળ

(C) કમાઉ દીકરો (D) કાકવંધ્યા

(6) 'રાણો' કઈ વાર્તાનું પાત્ર છે ?

(A) શરણાઈના સૂર (B) ચંપો અને કેળ

(C) વાની મારી કોયલ (D) કમાઉ દીકરો

(7) વાર્તા સંપાદન શરૂઆતમાં 'ગુજરાતી ટૂંકીવાર્તા : ઉદ્‌ભવ અને વિકાસ' એ અભ્યાસ લેખ કોણે લખ્યો છે ?

(A) મેઘાણી (B) કિરીટ દુધાત

(C) મડિયા (D) ધૂમકેતુ

(8) 'કાકવંધ્યા'માં કઈ યુવતીની કરુણતા આલેખાઈ છે ?

(A) વાંસવી (B) સંતી

(C) સકીના (D) અભુ

(9) 'માને ખોળે' વાર્તા કોણે લખી છે ?

(A) મેઘાણી (B) સુન્દરમ

(C) મુનશી (D) ધૂમકેતુ

(10) 'ધારો અને રખમાઈ' એ કઈ વાર્તાનાં પાત્રો છે ?

(A) શરણાઈના સૂર (B) ચંપો અને કેળ

(C) વાની મારી કોયલ (D) કાકવંધ્યા

(11) અતૃપ્ત સ્ત્રી 'તેજબા'ની વાત કઇ વાર્તામાં છે ?

(A) શરણાઈના સૂર (B) ગળચટા વખ

(C) વાની મારી કોયલ (D) કાકવંધ્યા

(12) 'કાળી રાત, કાળી ઓઢણી, કાળી ચીસ' માં કોની વાત છે ?

(A) પતિ-પત્ની (B) માતા-પુત્ર

(C) પિતા-પુત્ર (D) માતા-પુત્રી

(13) પ્રાણીની જાતીયતાની વાત કઈ વાર્તામાં છે ?

(A) કમાઉ દીકરો (B) ચંપો અને કેળ

(C) વાની મારી કોયલ (D) કાકવંધ્યા

(14) 'ઘૂઘવતાં પૂર' વાર્તામાં મેળો કઈ નદીના કિનારે ભરાયો છે ?

(A) ઓજત (B) સાબરમતી

(C) ઉબેણ (D) વાત્રક

સૂચના : મૂળ પરિચ્છેદનો આધાર લઈ નીચે આપેલ કોઈપણ એક ભૂલોવાળા પરિચ્છેદમાં પ્રૂફ રીડિંગની નિશાનીઓ–ચિહ્નો દર્શાવી પ્રૂફ રીડિંગ કરો અને પ્રૂફ રીડિંગ કરેલ ભૂલોવાળા પરિચ્છેદવાળું પેજ તમારી ઉત્તરવહી સાથે જોડો.

**(ઓછામાં ઓછી કોઈપણ ચૌદ (14) ભૂલો સુધારવી આવશ્યક છે.)**

કેન્દ્ર : ______________________ પરીક્ષાર્થીનો બેઠક નં. ______________________

નિરીક્ષકની સહી : ______________________ તારીખ : ______________________

**(1) ભૂલવાળો પરિચ્છેદ**

### મંથન અને નવનીત

સંધ્યાટાણે આરતીટાણે મંદીરદ્વારેથી સભળાતો જાલરનો રણ્કાર કે ઘંટારવ ચિતને શકિતભાવથી ભરી દે છે અને બે ઘડી ઈશ્વર સ્તવનમા **લીન થઈ** તલ્લીન થઈ જઈએ છીએ મસ્જિદોમાંથી આ વતો ઘંટારવ કોઈ ખુદાપરસ્ત મોલવીની આઝાનમાં બુલદ અવાજ સંભળી પલભર પાક પરવરદિગારની યાદમા અબદથી મસ્તત ઝુકી જાય છે

જ્યારે આપજનોને આપણથી અળગા એવું કરતી મહાકાળની ચિસ સંભળાય છે ત્યારે કાળજુ કંપી ઉઠે છે આપણે બેબાકળાં થઇ જઈએ છીએ હૈયું અસ્હાય થઈને બે ઘડી રુદન કરી લે છે આંસુ સારીલે ઘડીનાપલ આ બધા ખેલ છે. આજે શાંતિશાંતિના કમળો સમી જાપ છે અને ભરી પાછાં આપણે સહૂ રોજિદા જીવનની ઘડમાળમાં ધોવાઈ જઈએ છીએ. શકિતબંદગી ભુલાઈ જાપ છે ને વ્યવહારના ખેલ સરૂ થાય છે. વ્યક્તિ વીસારે પડે છે ને સમષ્ટિમા સૌ અડવાઈ રહીને જઈએ છીએ.

**(2) ભૂલવાળો પરિચ્છેદ**

સ્વામી રામદાસ રામાપણ લખતાં ને લખાતુ જાય જેમતેમ શિષ્યો ને વાચી સંભળાવતાં મારૂતિ પણતે શાંભળવાને દરરોજ ગુપ્તરૂપે આવીને બેસતા શમર્થે લખ્યું હતું કે, મારૂતિ અશોકવનમાં ગયો ત્યાં ઘોળાં ફૂલ જોયાં. એ હાંભળતા વેંત છતા પ્રગટ થઈને કહ્યુ " મેં ઘોળાં ફૂલો જરાપણ જોયાં નથી મેં ત્યાં જોયેલાં તે લાલ હતાં તમે ખોડું લખ્યું તે તે સુધારો.

સમર્થે કહ્યું : મેં લખ્યું તે બરાબર છે. તે આજે ઘોળાં જ ફૂલ જોયાં હતા. મારૂતિએ કહ્યું "હું જાતે જનોરો ને કહું તે ખોટું છે છેવટે તરરાક રાજા પાસે પહોચી રામચંદ્રે કહ્યું : ફૂલ ધોળાજ હતાં પણ મારુતીની આખ તે વખતે ક્રોધ થી લાલચોળ થઈ હતી. તેથીતે ઘોળાં સફેદ ફૂલો તેને લાલ દેખાયાં. આ મીઠી વાર્તા નો સાર એટલે કે દુનિપા તરફજોવાની આપણી દૃષ્ટિ જેવી હશે. તેવી દુનિયા આપણને દેખાશે

– વિનોબાજી

સૂચના :  ભૂલવાળા પરિચ્છેદમાં પ્રૂફ રીડિંગની નિશાનીઓ દર્શાવી આ પેજ તમારી ઉત્તરવહી સાથે જોડો.
(ઓછામાં ઓછી ચૌદ (14) ભૂલો સુધારવી જરૂરી છે.)

કેન્દ્ર : ______________________________ પરીક્ષાર્થીનો બેઠક નં. ________________________

નિરીક્ષકની સહી : ______________________ તારીખ : ________________________

4. ભૂલવાળો પરિચ્છેદ

રાજેશ્વર મહાદેવનું દેવાલપ સુવર્ણ પુરથી ત્રણેક ગાઉને છેટે હતું, એટલે લોકોનો અવર જવર થોડો રહેતો કોઈ
કોઈ વેળા આ કારણથીશ્રીમંતવંઠેલાનું અને કોઈકોઈ વખત રાજ્યપ્રપંચના ખટપટી વર્ગનુંતે સંકેતસ્થાન થઈ
પડતું.તપોધનને આ માર્ગે

ઊપજમાં વધારો થતો હતો અને સર્વ જાતના ય જમાનવર્ગને પ્રસન્ રાખવાની, અનુકૂળતા કરિ આપવાની
અને અનુકુળ થઈ જવાની તેનામાં          કળા આવી હતી. ઘાણું ખરું યજમાનવર્ગ તેની સાથે પ્રથમથી
બંદોબસ્ કરી મૂકતા એટલે એક

સંકેતસમયે બીજા ઓ સંકેત કરવા આવી ગૂંચ વાડામાં પડતાન હતા. પરંતુ કથાનોપ્રસંગ ચાલે છે તે વક્તના
સાંકેતિક સાધારણ વર્ગના ન હતા અને પૂજારી અને અથવા બીજા સર્વ સાંકે તિકોની ફરજ હતી કે નગરઅને
દેવાલય બેના સ્વામીઓ સ્વતંત્ર રીતે વરતે; તેમાં ખલેલ ન પહોંચે એ જાતે પોતાની બુદ્ધિ થી જ જોઈ લેવું,

અહીંથી કાપો